ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

**નં.પરીક્ષા/૨૩૪૪૭/૨૦૨૧** **તા. ૦૨/૦૨/૨૦૨૧**

**પરિપત્ર નં. : ૦૫**

**વિષય : ઓનલાઈન પરીક્ષાની માર્ગદર્શિકા તથા સૂચનાઓ બાબત.**

**<u>પરીક્ષા પહેલાંની તૈયારી</u>**

નીચે દર્શાવેલ બાબતો આવશ્યક છે

1. આપનું સાચું ઈ-મેલ આઈડી અને મોબાઈલ નંબર ગુજરાત યુનિવર્સિટી વેબસાઈટ પર નોંધાયેલ હોવા જોઈએ. તમે તમારા ઈ-મેલનો ઉપયોગ કરી શકો છો કે નહીં, તે ચકાસી લો.

   પરીક્ષાના થોડા દિવસ પહેલાં તમને તમારા નોંધાયેલા મોબાઈલ/ઈ-મેલ પર પરીક્ષાની વિગતો મળશે, જેમાં પરીક્ષાની લિંક, યુઝર આઈડી અને પાસવર્ડ હશે. જો તમને પરીક્ષાની વિગતો નિર્ધારિત સમયમર્યાદામાં ન મળી હોય તો મદદ માટે યુનિવર્સિટી હેલ્પ લાઇન નંબરનો (૦૭૯-૨૬૩૦૮૫૬૫) સંપર્ક કરો.

2. ઓનલાઇન પરીક્ષામાં બેસવા માટે તમારી પાસે નીચે આપેલામાંથી કોઈ પણ એક ડિવાઇસનો ઉપયોગ કરી શકશો.

   ફ્રન્ટ કૅમેરા સાથેનો સ્માર્ટફોન (એન્ડ્રોઇડ ફોનનો ઉપયોગ કરવો હિતાવહ છે)
   વેબકેમ સાથેનું લેપટોપ
   વેબકેમ સાથેનું ડેસ્કટોપ

   અગત્યનું : તમે જે ઉપકરણથી પરીક્ષા આપવાના છો તે તમારા લેપટોપ/ડેસ્કટોપ/એન્ડ્રોઇડ ફોનનો ફ્રન્ટ કૅમેરા/વેબકેમ ફરજિયાતપણે યોગ્ય રીતે કામ કરતા, ચાલુ હાલતમાં હોવો જોઈએ.

   ઇન્ટરનેટની કનેક્ટિવિટી ઓછામાં ઓછી 512 KBPS કે તેથી વધુની હોવી જોઈએ. https://www.speedtest.net/ - આ લિંક પરથી તમે તમારા ઇન્ટરનેટની સ્પીડ જાણી શકશો.

3. તમારા ડિવાઈસમાં ગુગલ ક્રોમ બ્રાઉઝરનું લેટેસ્ટ વર્ઝન પહેલેથી ઈન્સ્ટોલ થયેલું હોવું જોઈએ.
   - એન્ડ્રોઇડ યુઝર્સ ગુગલ પ્લે સ્ટોરમાંથી ક્રોમનું લેટેસ્ટ વર્ઝન ઈન્સ્ટોલ કરી શકશે.
   - વિન્ડોઝ લેપટોપ/ડેસ્કટોપ યુઝર્સ https://www.google.com/intl/en_in/chrome/ લિંક પરથી ક્રોમ ડાઉનલોડ કરી શકશે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯



Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

- iOs ડિવાઈસમાં ખામીઓ સર્જાતી હોવાથી વિદ્યાર્થીઓ માત્ર એન્ડ્રોઇડ ડિવાઇસનો જ ઉપયોગ કરે, તેવું અમે સૂચન કરીએ છીએ.

4. ગુગલ ક્રોમ સેટિંગ :- તમારે ગુગલ ક્રોમને કૅમેરા અને માઈક્રોફોનનો ઉપયોગ કરવાની પરવાનગી આપવી પડશે. આ ફરજિયાત છે અને તે વિના તમે ઓનલાઇન પરીક્ષા આપી નહીં શકો.

   સ્માર્ટ ફોનના યુઝર્સ માટે – Settingમાં જઈને Go To Applications > Google Chrome > Permissions > Allow permission for Camera & Microphone.

   લેપટોપ/ડેસ્કટોપના યુઝર્સે ક્રોમ બ્રાઉઝરને પોપ-અપ વિન્ડોઝ પર કૅમેરા અને માઈક્રોફોનનો ઉપયોગ કરવા માટે પરવાનગી આપવી પડશે.

   જો લેપટોપ/ડેસ્કટોપનો ઉપયોગ કરતાં હોવ તો તમારો કૅમેરા ચાલુ હોવો જોઈએ. બ્રાઉઝર માટે નીચે આપેલું સેટિંગ ચકાસો.

   Settings > Privacy and Security > Site Settings > Permissions > Camera. Check that permission for camera granted for the site guexams.com

   guexams.com સાઈટ માટે કેમેરાની પરવાનગી આપવામાં આવેલી છે કે નહીં તે ચકાસો.

   તમારા વેબકૅમ/ફ્રન્ટ કૅમેરા ચકાસો

   - ટ્રાયલ ટેસ્ટ દરમિયાન તમારો વેબ કૅમેરા ચકાસો.
   - અગત્યનું : પરીક્ષા માટે ઉમેદવાર જે રૂમમાં બેસવાનો હોય તે રૂમમાં પૂરતી લાઇટ છે કે નહીં, તે ચકાસો.

5. પરીક્ષામાં રૂકાવટ કે વિક્ષેપ ટાળવા માટે એપ્લિકેશનના નોટિફિકેશન અને બ્રાઉઝર પોપ-અપને ટર્ન ઑફ કરી દો.
   - સ્માર્ટફોન યુઝર્સ માટે - settings – Applications - Select the App > Notifications > Turn off all notifications.
   - પરીક્ષામાં તમને ખલેલ પહોંચાડે તેવી વોટ્સઅપ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટેલિગ્રામ અને એવી અન્ય એપ્લિકેશનનાં નોટિફિકેશન ટર્ન ઑફ કરી દો.
   - પરીક્ષાના સમય દરમિયાન તમને ફોન ન કરવા પરિવારના સભ્યો અને મિત્રોને જાણ કરી દો.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩, ૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

- નોટિફિકેશન અને ઈનકમિંગ કૉલની વૉર્નિંગ એલર્ટ્સ તરીકે નોંધ લેવાશે અને પરીક્ષામાંથી તમને બાકાત પણ થઈ શકો છો, એ યાદ રાખો.

**<u>પરીક્ષાના દિવસની તૈયારી :-</u>**

પરીક્ષા પહેલાં પાળવાની સૂચનાઓ :-

પરીક્ષા સમયની ૧૫ મિનિટ પહેલાં તમારું ડિવાઈસ તૈયાર કરીને શાંતિવાળી જગ્યાએ બેસી જવું.

- તમારે એકલા જ બેસવાનું છે. તમને ખલેલ પહોંચાડી શકે તેવા ટીવી, રેડિયો કે અન્ય કોઈ સાઉન્ડ સિસ્ટમ બંધ કરી દો.
- તમારું ડિવાઈસ સંપૂર્ણપણે ચાર્જ થયેલું હોય, તે ચકાસી લો અને પરીક્ષા દરમિયાન તમારા ડિવાઈસની બેટરી ડાઉન થાય તો ચાર્જ કરવા માટે પાવર બેક-અપ/ પાવર બૅન્ક/ચાર્જિંગ સુવિધા તૈયાર રાખો. પરીક્ષામાં બેસો ત્યારે તમારા ડિવાઈસમાં પૂરતો ડેટા (60 મિનિટની પરીક્ષા માટે અંદાજે 500 MB ડેટા) આવી શકે, તેવી વ્યવસ્થા પણ ચકાસી લો.
- તમારું કમ્પ્યુટર, લેપટોપ કે સ્માર્ટ ફોન (પરીક્ષા માટે ઉપયોગમાં લેવાના હોવ તે) સારી રીતે કામ કરી શકે છે કે નહીં, તે ચકાસી લો.
- (યાદ રાખો, તમારી સિસ્ટમ સાથે જોડાયેલા વેબ કૅમેરા કે માઈક્રોફન કામ નહીં કરી શકતાં હોય અને તેના ઉપયોગની મંજૂરી નહીં મળી હોય તો તમે પરીક્ષા આપી નહીં શકો.)
- તમારો સ્માર્ટ ફોન સાઈલન્ટ મોડ પર રાખો અને એપ્લિકેશનનાં નોટિફિકેશન બંધ કરી દો.
- લેપટોપ કે ડેસ્કટોપનો ઉપયોગ કરનારા ઉમેદવારોને વિનંતિ કરવામાં આવે છે કે પરીક્ષા દરમિયાન ખલેલ ન પહોંચે, તે માટે એન્ટિવાઈરસ અપડેટ્સ/વિન્ડોઝ અપડેટ્સ ડિસેબલ કરી દો.

તમે તૈયાર થઈ જાઓ, ત્યાર પછી લોગ-ઈન કરવા તથા સફળતાપૂર્વક પરીક્ષામાં બેસવા માટે નીચે આપેલાં સ્ટેપને અનુસરો.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

**સ્ટેપ 1** : તમારો નોંધાયેલો ઈ-મેલ ખોલો અને તમારાં સંસ્થાન તરફથી આવેલો મેલ ખોલો.

એક્ઝામ પેજમાં લોગ-ઇન થવા માટે એક્ઝામ પેજની લિંક પર ક્લિક કરો.

લિંક ખોલવામાં જો કોઈ સમસ્યા સર્જાય તો આ પ્રમાણે કરો - એક્ઝામ પેજની લિંક પર રાઈટ ક્લિક કરો > લિંક કૉપી કરવાનો વિકલ્પ પસંદ કરો > પછી ક્રોમ બ્રાઉઝર ખોલો > અને ત્યાં લિંક પેસ્ટ કરો.

**સ્ટેપ-2** : લિંક ખોલશો ત્યાર પછી તમારા ક્રોમ બ્રાઉઝરમાં એક્ઝામ લોગ-ઇન પેજ ખૂલશે. તમને મેલમાં મળ્યા હશે, તે યુઝર આઈડી અને પાસવર્ડની મદદથી લોગઇન કરો. પરીક્ષા સમયની ૧૦ મિનિટ પહેલાં આ પ્રક્રિયા પૂરી કરવી હિતાવહ છે.

**સ્ટેપ-3** : તમને તમારા ફોટા કેપ્ચર કરવા માટે કહેવામાં આવશે, જેના પર તમારે તમારા ચહેરાના 3 ફોટા તમારા ઉપકરણના યોગ્ય રીતે સ્થિત ફ્રન્ટ કેમેરાથી લેવાની રહેશે.

**સ્ટેપ-4** : સફળતાપૂર્વક 3 ફોટો પાડી લો અને પરીક્ષા નિશ્ચિત સમયે શરૂ થશે અને તમે પ્રશ્નોના ઉત્તર આપવાનું શરૂ કરશો.

**પરીક્ષા દરમિયાન પાળવાનાં સૂચનો** :-

1. પરીક્ષા ચાલુ હોય ત્યારે વિદ્યાર્થીઓએ સ્ક્રીન બદલવો નહીં કે એક્ઝામ પેજ દૂર કરવું નહીં કે અન્ય કોઈ એપ્લિકેશન ખોલવી નહીં. આમ કરવાથી વિદ્યાર્થીને પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવશે અને ફરીથી પરીક્ષા આપવા દેવામાં નહીં આવે.
2. બ્રાઉઝર વિન્ડો મિનિમાઇઝ કરવાથી પણ પરીક્ષામાંથી બાકાત કરી દેવાશે.
3. કનેક્ટિવિટીની સમસ્યાને કારણે જો પરીક્ષા અટકી જાય તો તમને લોગ-ઇનની મળેલી વિગતો નાખીને તાત્કાલિક રી લોગ-ઈન થવાનું રહેશે.
4. ઉમેદવારે જ્યાંથી અધૂરું હશે ત્યાંથી પરીક્ષા શરૂ કરવાની રહેશે. પરીક્ષાનો સમય અને અગાઉ આપેલા ઉત્તરો સિસ્ટમમાં આપોઆપ સેવ થયેલા હોય છે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

5. એકસમાન લોગ-ઈન આઈડીમાંથી એકથી વધુ લોગ-ઈન વર્જ્ય છે. જો તમે પહેલેથી જ લોગ-ઈન થઈ ગયા હોય તો બીજા ડિવાઈસમાં લોગ-ઈન કરવાનો પ્રયત્ન ન કરશો.

**<u>અન્ય મહત્ત્વની સૂચનાઓ</u>**

1. ગુજરાત યુનિવર્સિટીની આગામી લેવાનાર ઓનલાઈન પરીક્ષા અંગેનો વિગતવાર કાર્યક્રમ યુનિવર્સિટીની વેબસાઈટ પર હવે પછી જાહેર કરવામાં આવશે.
2. **તા. ૫/૨/૨૦૨૧ અને ૬/૨/૨૦૨૧ના રોજ વિદ્યાર્થીને તેમના મોબાઈલ અને ઈ-મેલ ઉપર તેમના યુઝર આઈડી અને પાસવર્ડ તેમજ પરીક્ષા આપવા અંગેની લિન્ક મોકલવામાં આવશે.**
3. આ લિન્ક ઉપર ઉમેદવારને તેમનું નામ, સીટ નંબર, એનરોલમેંટ નંબર, ફોટોગ્રાફ, આપવાની થતી પરીક્ષા જેવી વિગતો દર્શાવવામાં આવશે. આ વિગતોમાં જો કોઈ વિસંગતતા જણાય તો આપના **<u>નામ, એનરોલમેન્ટ નંબર, મોબાઈલ નંબર</u>** અને વિસંગતતા જણાવતો ઈ-મેલ guexam2021@gmail.com ઉપર તુરંત મોકલી આપવો અને યુનિવર્સિટી હેલ્પ લાઈન નંબરનો (૦૭૯-૨૬૩૦૮૫૬૫) સંપર્ક કરો.
4. અંતિમ પરીક્ષા પહેલાં ઓનલાઈન પરીક્ષાના મહાવરા માટે સામાન્ય જ્ઞાનના માત્ર ૧૦ પ્રશ્નો ધરાવતી ટ્રાયલ ટેસ્ટ તા ૮/૨/૨૦૨૧ અને ૯/૨/૨૦૨૧ના રોજ લેવામાં આવશે. આ ટ્રાયલ ટેસ્ટ વિદ્યાર્થી દિવસ દરમ્યાન એકથી વધુ વાર કોઈપણ સમયે આપી શકશે.
5. **તા ૧૧/૨/૨૦૧૨૧ના રોજ મૉક ટેસ્ટ લેવામાં આવશે. આ મૉક ટેસ્ટ આપવી ફરજીયાત છે. મૉક ટેસ્ટ આપી ન હોય તે વિદ્યાર્થી અંતિમ ઓનલાઈન પરીક્ષા આપી શકશે નહીં. મૉક ટેસ્ટનો વિગતવાર કાર્યક્રમ આ સાથે સામેલ છે**
6. ઓનલાઈન પરીક્ષા બહુ વિકલ્પી પ્રશ્નો (MCQ) આધારિત રહેશે. આપેલા જવાબોના વિકલ્પોમાંથી ફક્ત એક જ વિકલ્પ સાચો હશે.
7. ઓનલાઈન પરીક્ષા વધુમાં વધુ ૫૦ ગુણની હશે. આ પરીક્ષામાં મેળવેલ ગુણ ઉપરથી પ્રમાણિત કરીને ૭૦માંથી પ્રાપ્ત ગુણની ગણતરી કરવામાં આવશે.
8. ઓનલાઈન પરીક્ષામાં MCQની સંખ્યા અને કૂલ ગુણ નીચે મુજબ રહેશે.

| પ્રશ્નોની કૂલ સંખ્યા | આપવાના થતાં જવાબો | પ્રતિ પ્રશ્ન ગુણ | કૂલ ગુણ | સમય | કુલ સમય |
|---|---|---|---|---|---|
| ૫૦ | ૫૦ | ૦૧ | ૫૦ | ૦૧ મિનીટ પ્રતિ પ્રશ્ન | ૫૦ મિનિટ |

ઉમેદવારને પ્રત્યેક પ્રશ્ન માટે વધુમાં વધુ ૦૧ મિનિટ ફાળવવામાં આવશે. ૦૧ મિનિટ પછી આપોઆપ પ્રશ્ન દેખાતો બંધ થઈ જશે અને ઉમેદવાર એ પ્રશ્નનો ઉત્તર નહીં આપી શકે.

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

વિદ્યાર્થી એ પરીક્ષા ચાલુ થવાના ૧૦ મિનિટ પહેલા લૉગિન કરી દેવાનું રહેશે. **પરીક્ષા સમયપત્રકમાં દર્શાવેલ નિયત સમયે શરૂ અને પૂર્ણ થશે, મોડા લૉગિન થનારને વધારાનો સમય મળશે નહીં.**

9. વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પાઠ્યપુસ્તક (ટેક્સ્ટબુક) કે બહારના કોઈ પણ સ્રોત દ્વારા મેળવેલી કોર્સ નોટનો ઉપયોગ નહીં કરી શકે.
10. ઉમેદવારોની તસવીરનું સિસ્ટમ દ્વારા રેકોર્ડિંગ થાય છે. એ બાબત ઉમેદવારે ધ્યાનમાં રાખવાની રહેશે. આથી, પરીક્ષા દરમિયાન પોતાની જગ્યા ન છોડવા ઉમેદવારોને સ્પષ્ટપણે સૂચના આપવામાં આવે છે. આ પ્રકારની કોઈ પણ વર્તણૂકને તાત્કાલિક અસરથી ગેરવર્તન તરીકે રેકોર્ડ કરવામાં આવશે અને પરીક્ષા સ્થગિત કરવામાં આવશે.
11. પરીક્ષા દરમિયાન જો કોઈ પણ ઉમેદવાર કોઈ ફોન કૉલ કે અન્ય કોઈ નોટિફિકેશન રીસીવ / એક્સેપ્ટ કરશે તો તેને ગેરવર્તણૂક ગણવામાં આવશે.
12. ફાળવાયેલી સમયમર્યાદામાં વિદ્યાર્થીએ પરીક્ષા પૂરી કરવાની રહેશે.
13. પરીક્ષા સમયની છેલ્લી ૫ મિનિટ બાકી હશે ત્યારે સિસ્ટમ ચેતવણી આપશે.
14. પરીક્ષા દરમિયાન બાથરૂમ જવા માટે કે નાસ્તો કરવા માટે બ્રેક નહીં મળે.
15. કોઈ સમસ્યા સર્જાય કે મુશ્કેલી આવે તો મદદ માટે તો (૦૭૯-૨૬૩૦૮૫૬૫) પર સંપર્ક કરો.
16. **પરીક્ષાની તારીખ ૧૩/૦૨/૨૦૨૧ શરૂ થશે.**.

**પરીક્ષા માટે શુભેચ્છા.**

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

## *સર્વસામાન્ય સમસ્યાઓ અને તેના ઉકેલો*

પ્રશ્ન-1. કોઈ ચોક્કસ પ્રકારના સ્માર્ટ ફોનનું સૂચન કરી શકો?

ઉત્તર : તમામ એન્ડ્રોઈડ સ્માર્ટ ફોન સપોર્ટ કરી શકે છે. આઈફોન વગેરેના ઉપયોગમાં ઘણી વાર સમસ્યા સર્જાતી હોવાનું અમે જોયું છે. અને એટલે અમે આઈફોન, MACs, આઈપેડ વગેરે જેવા કોઈ પણ iOs ડિવાઈસનો ઉપયોગ ન કરવાનું સૂચન કરીએ છીએ.

પ્રશ્ન-2. પરીક્ષા પહેલાં કેવા પ્રકારના સેટિંગ કરવાનાં હોય છે?

ઉત્તર : પરીક્ષા પહેલાં ગુગલ ક્રોમ બ્રાઉઝરનું લેટેસ્ટ વર્ઝન ઈન્સ્ટોલ કરવું જરૂરી છે. (https://tinyurl.com/ya3fdq58)

- બ્રાઉઝરમાં એપ્લિકેશન અને પોપ-અપનાં નોટિફિકેશન બંધ કરવાં.

પ્રશ્ન-3. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ ફોન કરી કે લઈ શકે?

ઉત્તર : કોઈ પણ ઈનકમિંગ, આઉટગોઈંગ કૉલને ગેરવર્તણૂક ગણવામાં આવશે. નિર્ધારિત મર્યાદાથી વધુ ઉલ્લંઘન હશે તો વિદ્યાર્થીને પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવશે.

પ્રશ્ન-4. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ અન્ય કોઈ એપ્લિકેશનનો ઉપયોગ કરી શકે કે નોટિફિકેશન મેળવી શકે?

ઉત્તર : કોઈ પણ પ્રકારનાં નોટિફિકેશનને ગેરવર્તણૂક ગણવામાં આવશે. આથી તેને બંધ રાખવા આવશ્યક છે. નિર્ધારિત મર્યાદાથી વધુ ઉલ્લંઘન હશે તો વિદ્યાર્થીને પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવશે.

પ્રશ્ન-5. જો મારા ઈન્ટરનેટની કનેક્ટિવિટી સારી ન હોય તો મારે શું કરવું?

ઉત્તર : આ સ્થિતિમાં પણ વિદ્યાર્થી પરીક્ષા આપી શકે છે પરંતુ સ્પીચ ટુ ટેસ્ટ, એડિટિંગ એન્ડ ફોર્મેટિંગ ઓપ્શન્સ વગેરે જેવાં ઍડ્વાન્સ્ડ ફીચર્સમાં કામ નથી થઈ શકતું. સારી કનેક્ટિવિટી હોય ત્યાં બેસીને વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવી જોઈએ. પરીક્ષા સારી રીતે સંપન્ન કરી શકાય તે માટે વિદ્યાર્થીઓ પાસે પરીક્ષા શરૂ થતાં પહેલાં 1 GB ડેટા હોવો જોઈએ, તેવું અમે સૂચન કરીએ છીએ.

પ્રશ્ન-6 : પરીક્ષા દરમિયાન સિસ્ટમની વોર્નિંગ/ટર્મિનેશન સમયે શું કરવું?

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯



Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43, 26300126
Telegram : UNIGUJARAT

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ઉત્તર : નીચે આપેલાં કારણોસર વિદ્યાર્થીને સિસ્ટમ વોર્નિંગ આવે છે,

- વિદ્યાર્થી વિન્ડો બંધ કરે અને અન્ય એપ્લિકેશન જુએ ત્યારે.
- વિદ્યાર્થી કોઈ ફોન કૉલ રીસીવ કરે કે ફોન કરે ત્યારે.
- મોબાઈલ ડિવાઈસમાં વોટ્સઅપ વગેરે જેવી અન્ય એપ્લિકેશનનાં નોટિફિકેશન આવે ત્યારે.
- બ્રાઉઝરમાં એન્ટિવાઈરસ પોપઅપ, ગ્રામર પોપઅપ, ન્યૂઝ પોપઅપ વગેરે જેવા પોપઅપ આવે ત્યારે.
- પરીક્ષા દરમિયાન Ctr Alt & F5 કી અને બ્રાઉઝર રીફ્રેશ બટનનો ઉપયોગ થાય ત્યારે.
- બ્રાઉઝર વિન્ડો મિનિમાઈઝ કરવાથી પણ પરીક્ષામાંથી બાકાત રાખવામાં આવે છે.
- પરીક્ષા શરૂ થતાં પહેલાં ડિવાઈસની તમામ એપ્લિકેશન ફરજિયાતપણે બંધ કરવી. આથી, પરીક્ષા શરૂ થતાં પહેલાં તમામ નોટિફિકેશન્સ અને બ્રાઉઝર પોપઅપ ડિસેબલ કરવા વિનંતિ છે.

પ્રશ્ન-7 : ચાલુ પરીક્ષાએ ઓનલાઈન પરીક્ષા અટકી જાય ત્યારે મારે શું કરવું જોઈએ?

ઉત્તર : વિદ્યાર્થીઓએ પોતાનું ડિવાઈસ રીસ્ટાર્ટ કરવું અને અગાઉ આપેલા આઈડીથી લોગ-ઈન કરવું જોઈએ.

પ્રશ્ન-8 : પરીક્ષા દરમિયાન હું ડિવાઈસ બદલી શકું?

ઉત્તર : હા, તમે ડિવાઈસ બદલી શકો છો અને અગાઉના આઈડીથી લોગ-ઈન કરી શકો છો.

પ્રશ્ન-9 : હું એક્ઝામ એપ્લિકેશનમાં લોગ-ઈન ન થઈ શકું, તો મારે શું કરવું જોઈએ?

ઉત્તર : જો એપ્લિકેશનમાં લોગ-ઈન કરવામાં કોઈ ટૅક્નિકલ મુશ્કેલી આવે તો વિદ્યાર્થીએ એક્ઝામ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરવો જોઈએ.

પ્રશ્ન-10 : પરીક્ષા દરમિયાન કોઈ મુશ્કેલી સર્જાય, તો મારે શું કરવું જોઈએ?

ઉત્તર : હેલ્પ સેન્ટરનો સંપર્ક કરવો જોઈએ.

પ્રશ્ન-11 : મેં ક્રોમ બ્રાઉઝર અપડેટ કર્યું હોવા છતાં એક્ઝામ સિસ્ટમમાં કોઈ સમસ્યા આવે, તો મારે શું કરવું જોઈએ?

ઉત્તર : જો કોઈ વિદ્યાર્થીને અપડેટ કરેલા ક્રોમ બ્રાઉઝરમાં મુશ્કેલી આવે તો અપડેટેડ મોઝિલા ફાયરફોક્સ બ્રાઉઝરનો પ્રયત્ન કરવો જોઈએ.

પ્રશ્ન-12 : પરીક્ષા આપવા માટે હું ઑફિસના લેપટોપનો ઉપયોગ કરી શકું?

ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૩૬૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૦૧૨૬
ટેલિગ્રામ : યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯

ગુજરાત યુનિવર્સિટી
GUJARAT UNIVERSITY
(NAAC Accredited B++)
www.gujaratuniversity.ac.in

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43,
26300126
Telegram : UNIGUJARAT
OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO. 4010
NAVRANGPURA,
AHEMEDABAD

ઉત્તર : ઑફિસના લેપટોપમાં કેટલીક મર્યાદા હોય છે અને તેમાં તમામ સાઇટને એક્સેસ કરવાની પરવાનગી નથી હોતી. આથી, સરળતા માટે તેનો ઉપયોગ કરવાનું કે પ્રયોગ કરવાનું ટાળવું જોઈએ.

પ્રશ્ન-13 : વિદ્યાર્થીએ ક્યા સમયે એક્ઝામ સિસ્ટમમાં લોગ-ઇન કરવું જોઈએ?

ઉત્તર : નિર્ધારિત સમયની 10 મિનિટ પહેલાં વિદ્યાર્થીઓએ એક્ઝામ સિસ્ટમમાં લોગ-ઇન કરવું જોઈએ.

# Online Exam MOCK TEST Schedule_February 2021

| Sr | Examname | MOCK TEST | Exam Start Time | Exam End Time |
|---|---|---|---|---|
| 1 | B.COM. SEM-3 | Thursday, 11 February, 2021 | 9-15 AM | 10-15 AM |
| 2 | MRS SEM 3 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 3 | BRS SEM 3 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 4 | BA JMC SEM 3 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 5 | B.B.A. SEM-3 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 6 | B.C.A. SEM-3 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 7 | B.A. SEM-3 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 8 | B.A. SEM-5 | Thursday, 11 February, 2021 | 11-00 AM | 12-00 Noon |
| 9 | B.SC. SEM-3 | Thursday, 11 February, 2021 | 12-45 PM | 01-45 PM |
| 10 | M.A. SEM-3 | Thursday, 11 February, 2021 | 12-45 PM | 01-45 PM |
| 11 | M.COM. SEM-3 | Thursday, 11 February, 2021 | 12-45 PM | 01-45 PM |
| 12 | B.ED. SEM-3 | Thursday, 11 February, 2021 | 03-00 PM | 4-00 PM |
| 13 | B.SC. SEM-5 | Thursday, 11 February, 2021 | 03-00 PM | 4-00 PM |
| 14 | B.B.A. SEM-5 | Thursday, 11 February, 2021 | 03-00 PM | 4-00 PM |
| 15 | B.C.A. SEM-5 | Thursday, 11 February, 2021 | 03-00 PM | 4-00 PM |
| 16 | BRS SEM 5 | Thursday, 11 February, 2021 | 03-00 PM | 4-00 PM |
| 17 | B.COM. SEM-5 | Thursday, 11 February, 2021 | 04-45 PM | 05-45 PM |